હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મણિપુરનાં રમખાણ જોવાનુ બંધ કરી શાકભાજી લાવી આપો... નહી તો અહીં રમખાણ થઇ જશે...!!

શહેરમાં વિવિધ સ્થળે યોગ-પ્રાણાયામની પ્રવૃત્તિઓ ચાલતી જોવા મળી રહી છે. શહેરના સેક્ટર-૮માં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના મહાનગરપાલિકા વિસ્તારના યોગ કો.ઓર્ડિનેટર ભાવનાબેન જોષીના માર્ગદર્શનમાં પીનલબેન પટેલ દ્વારા વિનામૂલ્યે યોગ નિદર્શનની સેવા આપવામાં આવી રહી છે.

સદભાવના વિદ્યામંદિરને રખિયાલ ખાતે ૨૫ વર્ષ પૂર્ણ થયા એની ખુશાલીમાં રજત જયંતિની ઉજવણીના ભાગરૂપે દહેગામ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ સાહેબ અને રખિયાલ ગ્રામ પંચાયતના ડે.સરપંચ રમેશભાઈ અને શાળાના સંચાલક કમલેશભાઈ ત્રિવેદીના હસ્તે શાળાના વિદ્યાર્થીઓને રજોડ યુનિફોર્મ,ટાઈ અને બેલ્ટ નું વિતરણ કરવામાં આવ્યું.

સેકટર-૨૪ આદર્શનગર પાસે મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ આદર્શનગર મ.નં.૬૨૭ આગળ ખુલ્લી જગ્યામાં મોબાઈલ ફોનમાં રાધે એકસચેન્જ નામના આઈડી પરથી ક્રિકેટનો સટ્ટો રમાડતા બે સટ્ટોડીયાને સેકટર-૨૧ પોલીસે રૂ.૫૫ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૪ આદર્શનગર મ.નં.૬૨૭ પાસે ખુલ્લી જગ્યામાં કાળો શર્ટ અને લોઅર પહેરેલ દિનેશ વાળંદ નામનો શખ્સ મોબાઈલ ફોનમાં રાધે એકસચેન્જ આઈ.ડી.માં ચાલી રહેલી ઈન્ડીયા-વેસ્ટઈન્ડીઝ મેચ પર ક્રિકેટ સટ્ટાનો હારજીતનો જુગાર રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ સટ્ટોડીયાને ઝડપી પાડ્યો હતો. પોલીસે નામ પુછતા દિનેશ ચતુરભાઈ વાળંદ (રહે વાવોલ સંકલ્પ રોયલ બંગલા નં.૧૯) અને મકાન નં.૬૨૭ નું મકાન પોતાનું હોવાનું અને રીનોવેશન ચાલતુ હોવાનું જણાવ્યું હતું. પોલીસે શખ્સની અંગજડતી લેતા સેમસંગ કંપનીનો મોબાઈલ કિં.૩ હજાર તેમજ રોકડા રૂ.૩૯,૪૭૦ મળી આવ્યા હતા.

જયારે ફોનનો પાસવર્ડ ખોલી જોતા રાધે એકસચેન્જ નામની આઈડી પરથી ક્રિકેટના સટ્ટા રમાડતો હતો. જયારે આઈડી કોની પાસેથી મેળવ્યું હોવાનું પુછતા તેણે સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા અશ્વિન મેરૂભા વાઘેલા એ આપી હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસે તેની સાથે રાખી સેકટર-૨૫ ખાતે જતા અશ્વિન મેરુભા વાઘેલાને પણ ઝડપી પાડી અંગજડતી લેતા રૂ.૯ હજાર રોકડા અને મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે રૂ.૪૮,૪૭૦ રોકડ અને બે મોબાઈલ ફોન કિં.૭ હજાર મળી કુલ રૂ.૫૫,૪૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરની ખ્યાતનામ કલાસંસ્થા સંસ્થા સંસ્કૃતિ, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને જૈન સોશ્યલ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ૧૯૯૦ના દશકાના લોકપ્રિય ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ગુજરાતના ખ્યાતનામ સંગીતકાર મયુર સોની, ભુજના સંગીત નિર્દેશન તળે મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં સફળતાપૂર્વક યોજાયો હતો જેને પ્રેક્ષકોના વિશાળ સમુદાયે પ્રારંભથી અંત સુધી ઉપસ્થિત રહીને માણ્યો હતો.

વૈષ્ણોદેવી સર્કલ નજીક એકસેસ સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના વૈષ્ણોદેવી સર્કલ નજીક સીબીડી મોલ સામેના માર્ગ પર ગતરાત્રીના સમયે એકસેસ સ્લીપ ખાઈ જતા યુવકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૨૭ વર્ષિય યુવકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું.

બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ગોતા સત્યમેવ વીસ્ટા ખાતે રહેતા સુર્યામીન સુરેશભાઈ પંચાલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે તેનો નાનોભાઈ મેહુલ દુકાન ભાડે રાખી ઓર્ગેનીક કરીયાણાનો વેપાર ધંધો કરતો હતો.ગઈકાલે શનિવારના રોજ પરિવારના સભ્યો ઘરે હાજર હતા. તે સમયે મેહુલ તેના મિત્રનું એકસેસ નં. જી.જે.૦૧.યુ.ક્યું.-૬૧૮૨ લઈ સવારે દુકાને જવા નીકળ્યો હતો.

જયારે ત્યારબાદ તે મિત્રની બર્થ ડે પાર્ટીમાં જવાનો હતો. ત્યારે રાત્રીના પોણા બાર વાગે મેહુલના મોબાઈલ ફોન થી તેના પિતાના ફોન પર આવ્યો હતો

કે અમે ૧૦૮ એમ્બ્યુલન્સમાંથી વાત કરીએ છીએ અને મેહુલ ઝુંડાલ સર્કલ થી વૈષ્ણોદેવી તરફ આવી રહ્યો હતો. તે સમયે સીબીડી મોલની સામે કોઈ કારણોસર એકસેસ સ્લીપ ખાઈ જતા યુવકનું માથુ ડીવાઈડર સાથે ટકરાયુ હતું.

જેથી મેહુલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સોલા સિવિલ ખાતે લઈ જઈએ છીએ. જેથી તાત્કાલીક સુર્યામીન પંચાલ તેમજ પરિવારના સભ્યો તાત્કાલીક સોલા સિવિલ ખાતે પહોંચી ગયા હતા.જયાં ફરજ પરના ડોકટરે મેહુલને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા અડાલજ પોલીસ પણ સોલા પહોંચી જઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સેકટર-૨૪ સાંઈબાબા મંદિર સામે છાપરામાંથી જુગારીઓ ઝડપાયા

પોલીસને જોઈ બે જુગારી નાસી ગયા

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૧ પોલીસના જવાનોએ પૂર્વ બાતમીને આધારે શહેરના સેકટર-૨૪ સાંઈબાબા મંદિર પાસે કાચા છાપરા વચ્ચે આવેલી ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા જુગારીઓને પકડવા દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં સેકટર-૨૧ પોલીસે સેકટર-૨૫ સહકાર કોલેજની મકાન નં.૧૨૧ ખાતે રહેતો શ્રવણ ઉકારામ ભાટી અને લાલજી ડાહ્યાભાઈ ભંગી ને પકડી પાડ્યા હતા.જયારે બોબો ઉર્ફે અનિલ પમાભાઈ ભંગી તેમજ બલો શંકરજી ભીલ ભાગી જવામા સફળ રહ્યા હતા.પોલીસ બે જુગારીની અંગજડતી દરમિયાન રૂ.૬૦૦ તેમજ દાવ પરથી રૂ.૨૫૦ મળી કુલ રૂ.૮૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાર જુગારી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબે સિવિલના સ્ટાફ સાથે ફ્રેન્ડશિપ ડે ઉજવ્યો

ગાંધીનગર, તા. ૦૬

ગાંધીનગરની ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા તારીખ ૬/૮/૨૦૨૩ના રોજ ફ્રેન્ડશિપ ડે નિમિત્તે શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત કર્મચારી ભાઈઓ-બહેનો સાથે ઓડોટોરીયમ હોલ ખાતે ભારતીય સંસ્કૃતિ મુજબ રક્ષાસૂત્ર હાથ પર બાંધીને પોતાના મિત્ર બનાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન તરીકે ડો. અનિલભાઈ ચોહાણ, વિશેષ અતિથિ પદે ડો.સુધાબેન ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાના નેશનલ ચીફ પેટ્રન હિતેશભાઈ પંડ્યા અને આઈપીપી નેશનલ ચેરપર્સન આશાબેન પંડયા, નેશનલ ચેરમેન અક્ષયભાઈ ઠક્કર, કલબના પ્રેસિડેન્ટ વિમલાબેન, આઈપીપી રાધેશયામભાઈ યાદવ, પ્રોજેકટ ડાયરેકટર ડો. ધૈવતભાઈ શુક્લ, હિમાદ્રિબેન, સેક્રેટરી જ્યોતિબેન મેઘનાની, કો પ્રેસિડેન્ટ મંગળસિંહ સોલંકી, પુર્વ સેક્રેટરી મહેન્દ્રસિંહ સોલંકી, ટ્રેજરર પ્રકાશભાઈ દવે, સરોજબેન દવે, ગીતાબેન, મમતાબેન, અસ્મિતાબેન, મહેન્દ્રસિંહ વાઘેલા, દક્ષાબેન વાઘેલા, અંકિતભાઈ યાદવ, મહેશભાઈ, મિડિયા કન્વીનર આસોડિયા તથા કલબના અન્ય મેમ્બર્સ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના સમાપને અલ્પાહાર યોજાયો હતો.

છેલ્લા ચાર દિવસથી ફાયર ટીમ ધોળાકુવા મંદિર ખાતે તૈનાત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના ધોળાકુવા ખાતે ધોળેશ્વર મહાદેવનું પ્રસિધ્ધ યાત્રાધામ આવેલુ છે.

ગાંધીનગર જિલ્લા સહિત આસપાસના ભકતો મહાદેવના દર્શનાર્થે આવે છે. હાલ અધિક માસ ચાલી રહ્યો હોવાથી ભકતોનું ઘોડાપુર ધોળેશ્વર મંદિર ખાતે ઉમટી પડે છે. ત્યારે સાબરમતિ નદી નજીક હોવાથી ભકતો સ્નાન કરવા માટે નદીમાં જતા હોય છે. નદી હાલ બે કાંઠે વહેતી જોવા મળે છે. ત્યારે નદીમાં કાંઠે જતા ભકતો માટે તંત્ર દ્વારા મનાઈ ફરમાવવામાં આવી છે. તેમ છતા કેટલાક લોકો ના પાડવા છતા જતા હોય છે. ત્યારે નદીમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે હાલ છેલ્લા ચાર દિવસ થી ફાયર વિભાગ દ્વારા સવાર થી સાંજ સુધી સાધનોથી સજ્જ ગાડી સાથે બે તરવૈયા સાથેની ટીમ તૈનાત કરવામાં આવી છે. ફાયર જવાનો પણ નાગરીકોને નદીમાં જવા માટે રોકતા નજરે પડે છે.

IIT ગાંધીનગરે સ્થાપનાના ૧૫ વર્ષની રંગારંગ ઉજવણી કરી

આબોહવાને અનુરૂપ વિકાસ અને ટેકનિકલ અભ્યાસક્રમોમાં ઉદાર કલા શિક્ષણને એકીકૃત કરવાની જરૂર છે : મુખ્ય મહેમાન કુ. રીટા તેવટિયાની અપીલ

ગાંધીનગર, તા. ૬,

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (IITGN) દ્વારા તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ શૈક્ષણિક સંશોધનો, નોંધપાત્ર સિદ્ધિઓ તેમજ તેના વાઈબ્રન્ટ ગ્રીન કેમ્પસની સ્થાપનાના ૧૫ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. સ્થાપના દિવસની ઉજવણીમાં નિવૃત્ત સનદી અધિકારી તથા FSSAIના પૂર્વ ચેરમેન કુ. રીટા તેવટિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના સંબોધનમાં કુ. રીટાતેવટિયાએ સંસ્થાની સફળતાભર્યા ૧૫ વર્ષની યાત્રાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, તમે બધા પ્રોફેશનલ્સ તરીકે આ દેશના ભવિષ્યને આકાર આપવા જઈ રહ્યા છો, અને તેથી તમારે સહુએ આબોહવાને અનુરૂપ વિકાસ અને ટેકનિકલ અભ્યાસ ક્રમોમાં ઉદાર કલા શિક્ષણને એકીકૃત કરવાની જરૂર છે. ટકાઉક્ષમ ડિઝાઈન્સ કેવી રીતે શહેરો અને ઉદ્યોગોમાં પરિવર્તન લાવી શકે છે તેનાં પ્રેરક ઉદાહરણો આપણી વચ્ચે મોજૂદ છે. ફક્ત પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપાયો, કચરામાં ઘટાડો લાવવાની પહેલ અને ઈકો-ફ્રેન્ડલી શહેરી આયોજન જ પર્યાવરણને થતા નુકસાનનું શમન કરી શકતાં નથી પરંતુ તે આર્થિક રીતે કાર્યક્ષમ પણ છે. આ પ્રસંગે IITGNના ડિરેક્ટર પ્રો. રજત મૂનાએ જણાવ્યું હતું કે પંદર વર્ષ પહેલાં વર્ષ ૨૦૦૮માં ચાંદખેડાની વિશ્વકર્મા સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે એક કામચલાઉ પરિસર ઊભું કરીને મીઠરના વિદ્યાર્થીઓની પ્રથમ બેચ સાથે IITGNની યાત્રા શરૂ કરવામાં આવી હતી. આજે IITGNને NIRFની ભારત રેંકિંગ ૨૦૨૩માં દેશની ટોચની ૨૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સ્થાન મળ્યું છે અને કેળવણી અને કેમ્પસના વિકાસમાં સંખ્યાબંધ પુરસ્કારો જીતી છે. અમારૂં શિક્ષણ સર્વ-સમાવેશક તથા વિદ્યાર્થીલક્ષી છે. અને પ્રોફેસર સુધીર જૈને સંસ્થાના સ્થાપના દિન નિમિત્તે તેમના સંબોધનમાં જેવી પરિકલ્પના કરી હતી તે પ્રમાણે IITGNમાં વિદ્યાર્થીઓ સ્કોર્સની મજબૂરીથી નહીં પરંતુ તેઓની પસંદગી મુજબ જોડાઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ માત્ર એન્જિનિયરો જ નહીં પરંતુ સંવેદનશીલ માનવ તરીકે ઉછરી રહ્યાની ખાતરી સાથે IITGNને આજે ગર્વની અનુભૂતિ થઈ રહી છે. કાર્યક્રમમાં IITGNના ૧૫ વર્ષની યાત્રાની યાદગીરીરૂપે ભવ્ય પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું તથા કેલેન્ડરનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ તથા પ્રવર્તમાન પ્રાધ્યાપકો, આમંત્રિત મહેમાનો તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના રંગારંગ આયોજનમાં સંસ્થાના વિદ્યાર્થીઓ, કર્મચા રીઓ તથા ફેકલ્ટીઓએ અનેક નાટ્ય તથા ગીત સંગીતના કાર્યક્રમો યોજીને સહુને મંત્રમુગ્ધ કર્યાં હતાં.